સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

બિછાવે જાળ પ્રેમની ચાણક્યોની નીતિ કૂટ છે
ભાગલા પડાવી રાજ કરવાનો જૂનો રૂટ છે,
તૂટ-ફૂટની, એમને છૂટ, અનીતિ-અધર્મની...
મા ઉમિયાના સંતાનોમાં પડાવી ફાટફૂટ છે...
(મંદિર સંકૂલમાં જ મારમારી)

હાઈકુ

રહે છે સદા -
વાતાવરણ અહીં,
વાદળ-છાયું...
(રાજકીય જૂથ-કાવાદાવા)

મુંઝવે સદા,
ચીન તરફી મૈત્રી
'પ્રચંડ' પ્રેમ...
(નેપાળનો નેપાળો)

ચિંતન

સ્નેહો હિ વરમ ઘટિતો ન વરં સંજાત વિઘટિત સ્નેહઃ ।
હત નયનો હિ વિષાદી ન વિષાદી ભવતિ જાન્યન્ધઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-સામાન્ય નીતિનો આ શ્લોક છે :

પ્રથમથી સ્નેહ કરવાથી દૂર રહેવું સારું છે. અર્થાત કોઈથી સ્નેહ ન થાય તે સારું છે પરંતુ એક વાર સ્નેહ થયા પછી એ સ્નેહનાં બંધન તૂટી જાય તો એ વધારે દુઃખ આપે છે. દા.ત. માનવી જન્મજાત જ અંધ હોય તેને કોઈ રંગો-પ્રકૃતિની અનુભૂતિ થઈ જ નથી, તેથી તે હૃદયથી એટલો દુઃખી થતો નથી, જેટલો આંખ-દૃષ્ટિ-નજર હોય અને કોઈ રોગ કે અકસ્માત દ્વારા આંખની દૃષ્ટિ ચાલી જાય પછી જે વેદના અનુભવવી પડે છે તે અતિ દુષ્કર છે...

સ્નેહપાત્ર વારંવાર યાદ આવતાં દુઃખ અનુભવાય છે અને રંગ-પ્રકૃતિ પણ યાદ આવતાં અંધ થયેલાને વધારે દુઃખ થાય છે.

સુવિચાર

- કયોં ડરે કી ઝિંદગી મેં કયાં હોગા, હર વક્ત કયોં સોચે કિ બુરા હોગા, બઢતે ચલેં બસ મંઝિલ કી ઓર, હમે કુછ મિલે યા ન મિલે... તજુર્બા તો નયા હોગા... **- અખંડ આનંદ**
- જિંદગીમાં જો ખરાબ સમય ના આવે તો પોતાનામાં છુપાયેલા 'પારકા' અને પારકામાં છુપાયેલા 'પોતાના' કયારેય નજર નથી આવતા **- એસ. ભટ્ટાચાર્ય**
- તાકાતની જરૂરિયાત ત્યારે પડે છે જયારે કોઈનું બુરું કરવું હોય... બાકી દુનિયાની હર એક ચીજ પ્રેમથી મળી જ શકે તેમ છે **- પ્રેમસૂત્ર**
- સજ્જનતા એ અમલમાં મૂકવામાં આવેલી સુંદરતા છે **- સંત રોબિન**
- સારો આત્મા એ નિરંતર ઉત્સવ છે **- રજનીશ**
- માણસ શબ્દ કરતા પોતાના જીવન વડે વધારે સારી શિખામણ આપી શકે છે **- નેલ્સન મંડેલા**
- આજનું ઔષધ : ખરજવા ઉપર ગાયના છાણાનો પાટો બાંધવાથી ખરજવું મટે છે

(દીપક વી. આસરા)

બોધકથા

આજકાલના યુવાનો તદ્દન નાની નાની નિષ્ફળતામાં પણ આત્મહત્યા કરવાના ચગડોળે ચઢી જાય છે. પ્રેમ, પરીક્ષા, પૈસા, બાઈક-મોબાઈલ જેવી તુચ્છ વસ્તુ માટે 'અમૂલ્ય' જિંદગીને હોડમાં મૂકી છે.

એક યુવાન સંત પાસે આવ્યો. કહ્યું, 'કેનાલ'માં જાઉં છું - તમારા છેલ્લા આશીર્વાદ લેવા આવ્યો છું!

સંતે સ્મિત સાથે પૂછ્યું - કાં શું થયું ? યુવાન કહે - મારી પાસે બાઈક-મોબાઈલ-વોટ્સએપ-પૈસા નથી. સંત કહે - એમ કર, નડિયાદ જા! ત્યાં એક કિડનીના પાંચ લાખ મળશે - ને મુંબઈની હોસ્પિટલ તો વળી એનાથી પણ વધારે આપે છે!

યુવાન ચોંકી ગયો - કિડની કંઈ વેંચાતી હશે? પછી તંદુરસ્ત જીવન કેમ જીવાય? સંત કહે તો આંખ વેંચી દે - ખાનગીમાં પાંચ લાખ મળે છે! યુવાન ગુસ્સે થયો - કહ્યું તમે તો કેવા સંત છો? સંત કહે - હાથ-પગ વેંચવા કાઢીસ તો એની પણ સારી કિંમત મળશે! યુવાન કહે - મને કરોડો મળે ને તો પણ મારા શરીરનું એક પણ અંગ વેંચુ નહીં! મારું શરીર ઈશ્વરે આપેલું કિંમતી અને મૂલ્યવાન છે.

સંતે ફરી સ્મિત સાથે સમજાવ્યું. હું પણ તને એ જ વાત સમજાવવા માગું છું નાની-નાની તુચ્છ ઈચ્છા-કારણો માટે 'આત્મહત્યા'ના વિચાર ન થાય - જીવ-આત્મા-શરીરની કિંમત અમૂલ્ય છે.

સાબરમતીને વધાવીએ...

સાબરમતી બે કાંઠે છે. આ સમાચાર સૌના હૈયાને શાતા આપે છે. આખું વર્ષ કોરીધાકોર રહેતી નદી જયારે પાણીથી છલકાય અને સાચા અર્થમાં નદી બને ત્યારે જીવ માત્ર આનંદથી ડોલી ઉઠે છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ધરોઈ ડેમમાંથી ૫૪ હજાર ક્યુસેક પાણી છોડાતા ગાંધીનગરને પાદરે મોડી રાત્રે સાબરમતી બે કાંઠે વહેવા લાગી હતી. પ્રકૃતિના આ પરમ વૈભવની પ્રસન્નતા પ્રગટાવે એ જ માનવ. આ વિધાન કોઈ ઉપદેશક કે વ્યાખ્યાનું નથી પણ સનાતન સત્ય છે. કૃત્રિમ રીતે વહેવડાવાતી નદી અને કુદરતી રીતે વહેતી નહી - આ બંને દૃશ્યો અલગ અલગ ભાવ નિર્માણ કરે છે. બાર મહિના તરસી નદી પાણીનો સ્પર્શ મેળવે છે ત્યારે સર્જાતી આનંદની અનુભૂતિ અલૌકિક હોય છે. સાબરમતી નદી આપણી સંસ્કૃતિની એક ઓળખ છે. અરવલ્લીના એક ખડકમાંથી ઝરઝર વહેતું ઝરણું સાબરકાંઠા ગાંધીનગર અમદાવાદના પહોળા પટમાંથી વહીને ખંભાતના અખાતને મળે એ જ આપણી લોકમાતા સાબરમતી. અને એ જયારે ખળખળ વહે ત્યારે આપણા સૌના હૃદયમાં એક અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે.

નર્મદા, તાપી અને મહિસાગરને બાદ કરતાં ગુજરાતની અનેક નદીઓ ગરીબીરેખાની નીચે જીવે છે. વર્ષમાં એકાદ બે વખત જળનો સ્પર્શ કરી જીવનને ધન્ય માને છે. કેમ આમ થાય છે એ સવાલનો જવાબ સરકાર પણ જાણે છે ને સમાજ પણ જાણે છે. રેતી ખનન પ્રવૃત્તિ એટલા વ્યાપક પ્રમાણમાં વિકસી છે કે નદીઓના મૂળ સ્થાન અને સરનામાં બદલી નાખ્યા છે. 'ગ્લોબલ વોર્મિંગ' ના કારણે કદાચ કેટલાંક વિસ્તારમાં વરસાદ ઓછોવત્તો હશે એ કુદરતી વાત છે પરંતુ કાળા માથાના માનવીએ પોતાના આર્થિક સ્વાર્થને કારણે નદીઓની ઘોર ખોદી નાખી છે. રેતી ખોદવાની આપવાની મંજૂરીઓમાં થતાં ભ્રષ્ટાચારના અહેવાલો એ સૌના મગજ તો બગાડ્યા છે પણ ગેરકાયદેસર રેતી ખોદી ખોદીને નદીના સ્વરુપો બગાડ્યા છે. તેને અટકાવવાનો સમય આવ્યો છે. સરકારને જુદો સ્વાર્થ છે. કાર્યકરો અને પક્ષોને સાચવવાની લાલચુ વૃત્તિ ભાગ ભજવે છે અને આડેધડ પરવાનગી અપાય છે અને ગેરકાયદેસર રેતી ખનન કરતાં ખનન માફિયાઓ બેફામ બનતા જાય છે. પ્રકૃતિને પણ છોડતાં નથી. પ્રકૃતિની ચોરી કરી અને વિકાસના મહેલો રચનારાઓની સંખ્યા વધતી જાય છે. પર્વતો અને નદીઓ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિઓનો મૂળભૂત ભાગ છે. પ્રણામ કરવાના બદલે પતન કરવા તરફ જઈ રહ્યા છે. સમય ચેતવે છે. થોભી જઈએ - થોભાવી દઈએ - રેતીની ચોરીને અટકાવીએ. પર્વતના પથ્થરોને જાળવીએ. વ્યક્તિગત સ્વાર્થને દફનાવીએ એ જ સાચી પૂજા છે. એ

તંત્રીસ્થાનેથી...

જ પ્રકૃતિ વંદના છે એન એ જ પ્રભુની ઉપાસના છે.

સાબરમતી બે કાંઠે વહેતી હોય એવું દૃશ્ય જોવાનું વર્ષે એકાદ બે વખત સૌભાગ્ય બને છે. ધરોઈ બંધ અને રાજસ્થાનનો વરસાદ આ બંને ઉપર આધાર છે એવી વાત તો આપણે આજે કરીએ છીએ. પણ વર્ષો પહેલા સાબરમતી તો વહેતી જ હતી! બે કાંઠે વહેતી હતી... અને એટલે જ નદીકાંઠે અમદાવાદ જેવા મહાનગરો અને સાબરકાંઠાની ગ્રામીણ સંસ્કૃતિ વિકસતી રહી છે. ફરીથી નદીનો મહિમા આપણા જનજીવનમાં પ્રસ્થાપિત કરીએ. સાબરમતીના અમૃત જળને વધાવીએ, કોઈ માર્ગો ઉપર ભૂવા પડે - ખાડા પડે - તુટી જાય તો ફરિયાદોનો ઢગલો થાય છે પણ આપણી આ લોકમાતાના માર્ગમાં પડતા ખાડાઓ અને ભૂવાઓની કોઈ ફરિયાદ કોઈ કરતું નથી ને કોઈ સાંભળતું નથી..?!

ખેર...! થયું તે થયું નવેસરથી સાબરમૈયા ને વ્હાલથી વધાવીએ અને વર્ષો વર્ષ આ સ્વરુપે આપણી વચ્ચે વહેતી રહે તેવી દૃષ્ટિ અને બુદ્ધિ પરમ તત્ત્વ આપણામાં પ્રગટાવે એ જ સમયની માંગ છે. સાબરમતી અખંડ વહેતી રહે તેવી લાગણી આપણા સૌમાં વહે તે એટલું જ આવશ્યક છે.

જીવનમાં આવી સ્વાર્થ વિનાની આત્મીયતા કયાંથી?

ઘણા સમય બાદ વાસ્તવિક ઉત્સુકતા અથવા એમ કહોને કે પ્રસન્નતાનાં દર્શન થયાં. શહેરના તનાવભર્યા જીવનમાં આવી સ્વાર્થ વિનાની આત્મીયતા કયાંથી? હસતા ચહેરાંઓની પાછળ છૂપાયેલી નફરત, ઉપેક્ષા ચહેરા પર જોવા મળતાં મહોરા, દરેક વ્યવહાર જાણે બીજાંને બનાવવા માટે જ. મનમાં કોઈ પ્રકારનો આનંદ નહીં, ખુશી નહીં કે ઉત્સુકતા નહીં. દરેક ઉત્સુકતા પર સ્વાર્થની છાયાંને કારણે ચકનાચૂર થતી આશાઓ અને હારેલા હૃદયમાં અપમાન અને રૂંધામણનું દર્દ પડેલું છે. તેમાં ખુશમિજાજી કયાં? અને હંમેશા ઘરમાં દિવસ રાત તાણમાં રહેનાર પ્રસન્નતા, આનંદ અને ખુશી શું કહેવાય એ તો ભૂલી જ જવાનો.

સોમભાઈ સુથાર તેની કલામાં પ્રવિણ. તેના હાથમાં જબરો હુનર. જયારે એ અમારે ઘેર ફર્નિચરનું કામ કરવા આવ્યો ત્યારે જોત જોતામાં દિકરી સાથે તેને નિકટતા બંધાઈ ગઈ.

'બેટા, મારે ઘરે પણ તારા જેવી બે ઢીંગલીઓ છે. મારે ઘેર આવીશ? ચાલ, આપણે બધા મેળામાં જઈશું. અમારા ગામમાં આજ શિતળા સાતમનો મેળો છે. મેળામાં બહુ મજા પડશે.' અનેક પ્રકારની તાણ અનુભવતાં હોવા છતાં બાળકોમાં હજુ ઉત્સુકતા હજુ જળવાઈ રહી છે. કવિશા મેળાનું નામ સાંભળતા જ તૈયાર થઈ ગઈ. અને બોલી 'મમ્મા તુ પણ આવને' મમ્મીએ કહ્યું, 'બેટા તું જા, તને લેવા હું આવી જઈશ.' 'ના મમ્મા તારે આવવું પડશે. તું આવ તો મજા પડે.' સાંજ થતાં થતાં કવિશાએ જીદ પકડી.

'તું અંકલની સાથે જા, મમ્મી પપ્પાની સાથે તને લેવા આવશે બસ.' પણ બાળકને મોટાંઓની વહેવારિક મજબૂરીઓથી શું નિસ્બત? મમ્મી તું મારી સાથે ચાલ 'માંડ માંડ બહુ મુશ્કેલીએ કવિશાને સમજાવી કે અંકલને અત્યારે જવા દે. તે એમની દીકરીને લઈને મેળામાં આવશે અને આપણે પણ પપ્પાને લઈને પહોંચીશું બરાબર? પ્રોમિસ! ઓ.કે.' છેવટે કવિશા માની ગઈ. પરંતુ હવે કરવું શું, બે કલાક થઈ ગયા તોય પપ્પા ન આવ્યા. કંટાળીને મોબાઈલ પર ફોન કર્યો. બસ હમણાં પાંચ મિનિટમાં આવું છું. એકાદ કામ છે ને પુરું થાય એટલે નીકળું જ છું. પાંચ મિનિટને બદલે પુરો એક કલાક થયો. કવિશાની વ્યગ્રતા અને જીદ વધતી જતી હતી. છેવટે મોડે મોડે અમે મેળામાં પહોંચ્યા.

મેળામાં રંગબેરંગી નવાં નવાં કપડાં પહેલી લોકોના ટોળા ઉમટી પડ્યાં હતા. તેમાં સ્ત્રીઓ અને બાળકોની સંક્યા ખુબ જ હતી. કવિશા તેના પપ્પાની આંગળી પકડી ચાલતી હતી અને વારંવાર કોઈ પાથરણાવાળા કે પછી નાની હાટડી બનાવીને બેઠેલા વેપારીને બુમો પાડતા જોઈ અટકી જતી હતી અને ખાવાની ચીજવસ્તુ ખરીદવા મમ્મીને કહેતી હતી. મમ્મી તરત પપ્પાની તરફ જોતી. પપ્પા એ કહ્યું - બેટા જો તો ખરી આ બધી ચીજો પર કેટલી ધૂળ ચોંટી છે આવો ગંદો નાસ્તો ન ખવાય. બિમાર થવાય. 'પપ્પા, પણ આ બધાં તો ખાય છે?' કવિશાએ પ્રશ્ન કર્યો. 'એ તો ખાય'

તો પપ્પા મને ફૂગ્ગો અને આ ફરકડી લઈ આપો ને' કવિશા એ કહ્યું. 'તું સીધેસીધી ચાલી આવ.' પપ્પા જરા ગુસ્સે થયા. 'તમે આમ શું કરો છો. નાની છોકરી છે.' મમ્મીએ કવિશાનો પક્ષ લીધો. 'ઠીક છે, ઠીક છે તને ખબર છે હું કેટલા કામ મુકીને આવ્યો છું. મારે કેટલા ટેન્શન છે.' પપ્પાએ કહ્યું. તેમના ચહેરા પર વ્યગ્રતા દેખાતી હતી. તેવામાં સામેથી સોમભાઈ સુથાર તેની પત્ની અને બાળકોને લઈને આવતા દેખાયા. ત્રણે ખુશખુશાલ હતા. તેણે તેમની ઢીંગલીનો પરિચય કવિશા સાથે કરાવ્યો. બંને છોકરીઓ વિસ્મયથી એકબીજા સામે જોઈ રહી. પછી જરાક હસી અને એકબીજાનો હાથ પકડી લીધો. સોમભાઈ ફૂગ્ગાવાળા પાસેથી બે ફૂગ્ગા લઈ આળ્યા અને પ્રેમપૂર્વક બંનેને આપ્યા. નાની દીકરીઓના ચહેરા તાજાં ફૂલો જેવા ખીલી ઉઠ્યા. જુદી જુદી જાતની નાની મોટી ચકડોળ અને ઝુલામાં બેસી બંને છોકરીઓને ખુબ મજા પડી. છેવટે ઘેર પાછા ફરવા માટે બંનેને સમજાવી. તેઓ મેળામાંથી પાછા ફરતાં હતા ત્યારે સોમભાઈએ કહ્યું, 'બહેન, એક કલાકથી તમારી રાહ જોઉં છું. હવે તમારે મારા ઘેર તો આવવું જ પડશે.'

નવાં કલેવર
નટવર હેડાઉ

કેટલી સહજ આત્મીયતા, ઉત્સુકતા અને ઉત્સાહ, શહેરી જીવનના પ્રભાવથી બિલકુલ મુક્ત. માનપાન આપવામાં પણ કેટલી નિષ્કપટતા! ઘેર જતાં રસ્તામાં તેમની પત્ની બોલી. 'કયારના તૈયારી કરે છે. નાસ્તો પણ લઈ આવ્યા છે.'

ઘેર પહોંચતા જે રીતે આવકાર આપ્યો અને રાજી રાજી થતાં જે આગતાસ્વાગતા કરી તેમાં જરાય દંભી નહોતો. 'આટલો નાસ્તો તો તમારે લેવો જ પડશે. અમારું મન રાખવા કંઈક તો લેવું પડે.' 'હમણાં થોડા દિવસ પહેલાં મારી નાની-બહેનના પતિનું અકસ્માતમાં મોત થઈ ગયું. ત્યારથી આ બંને બાળકીઓ અમારી પાસે રહે છે. અમારી ટૂંકી આવકમાં કુટુંબની મોટી જવાબદારીઓ નિભાવવી પડે છે. જો કે મારા બીજા ભાઈઓ અમારા કરતાં પૈસેટકે વધુ સુખી છે.'

સંબંધ નામના છોડની માવજત

હોલિવૂડની "ઈઝી-એ", "ધ એમેઝિંગ સ્પાઈડર-મેન", "ક્રેઝી, સ્ટુપિડ લવ" અને "ઝોમ્બીલેન્ડ" જેવી સુપરહિટ ફિલ્મોની સકસેસ હિરોઈન એમા સ્ટોન (૬ નવેમ્બર, ૧૯૮૮)એ એક વાર પોતાના લવ-અફેયર વિશે કહ્યું હતું કે "લાઈફમાં એક જ વાર લવ-અફેયર થાય એ વાત જ બકવાસ છે. તમને એક સમયે કોઈ એક વ્યક્તિ ગમી જાય એવું બને. એ પછી બ્રેક-અપ પણ થાય અને પછી બીજી કોઈ વ્યક્તિ પણ તમને ગમી જાય, તો શું તમે ચાહવાનું બંધ કરી દેશો? ના. કેમ કે ઈમોશન્સ એન્ડ ફિલિંગ્સ્ નેચરલ છે. એમાં બનાવટ ના ચાલે."

પ્રેમમાં તમને રાહ જોવાનું ગમે? પ્રેમમાં રાહ જોવી, એ માત્ર સિનેમાના ગીતોમાં જ સારું લાગે. અસલમાં રાહ જોવાની આવે ત્યારે ખબર પડે કે સમય કેટલો વસમો લાગે. યુગોથી પ્રતીક્ષા નામનો પહાડ પ્રિયજનોને કનડી રહ્યો છે. પ્રતીક્ષા એટલે શું? એ તો પ્રેમ-માર્ગના યાત્રીને જ પુછો તો ખબર પડે.

જ્યારે તમે કોઈની રાહ જુઓ છો, ત્યારે સમય ખતમ જ થતો નથી. રાહ જોવાની રસમમાં સમય લાંબો અને પહોળો થઈને લંબાતો જ રહે. પ્રતીક્ષાથી વિરુદ્ધ ગુણધર્મ મિલન-મુલાકાતનો છે. બે પ્રિયજન મળે એ પછીનો સમય ખુબ ઝડપથી ઓગળતો જાય છે. સમય નામના બરફના ચોસલાને પીગળતા કોઈ રોકી શકતું નથી. પરંતુ રાહ જોવડાવ્યા કરે એ સંબંધ પણ શું કામનો? સંબંધ નામના છોડની માવજત કરવી એ કોઈ પરીક્ષાથી કમ નથી. સંબંધ એટલે એકમેકની કાળજી. કાળજી એટલે શું? કાળજી મિષે એક વન-લાઈનર જાણીતું છે: "પતિ જ્યારે પત્નીને કારમાં બેસાડવા માટે કારનો દરવાજો ખોલીને આપે ત્યારે સમજવું કે યા તો પત્ની નવી (ન્યૂલી મેરિડ) છે અથવા તો કાર નવી છે."

પત્ની અથવા પ્રિયતમાની વાઈસા-વર્સા પતિ અથવા પ્રિયતમની તમે ક્યાં સુધી કાળજી લ્યો છો? એ નવી યા નવા હોય ત્યાં સુધી? જો એમ જ હોય તો તમારે જીવનના છેલ્લા શ્વાસ સુધી એવી ફિલિંગ રાખવી રહી કે તમારો સંબંધ હજુ નવો યાને તાજો-તાજો જ છે. સંબંધમાં તાજગી રાખવાની વાત છે. સંબંધ નામના છોડમાં તાજાપણું ત્યારે જ અનુભવાય કે જ્યારે સંબંધ નામના છોડની ભરપુર કાળજી લેવામાં આવે. એક વારની કાળજીથી કામ ચાલતું નથી.

સંબંધમાં એકપક્ષીય કાળજી કે માવજત પણ કામ લાગતી નથી. બેઉ પક્ષે એકબીજાની સરખી કાળજી યા દરકાર રાખવી પડે. જો એમાં પણ વન-વે ચાલુ થઈ જાય તો ના ચાલે. કોઈ એક વ્યક્તિ "ટેકન ફોર ગ્રાન્ટેડ" એવો વ્યવહાર કરે, યાને કે "તારે કાળજી લેવી હોય તો લે, મને કોઈ જ ફરક પડતો નથી." એમ બનવું સંબંધ નામના છોડના મુરઝાવાનો આરંભ છે. સંબંધને લાગણી, પ્રેમ, કાળજી, દરકારનાં ખાતર-પાણી મળવાં જોઈએ. કોઈ પણ સંબંધમાં પ્રેમમાં તમે તમારી પ્રિય વ્યક્તિની ગમે તેટલી કાળજી લ્યો, પરંતુ સામી વ્યક્તિને તમારી કશી પડી જ ન હોય તો? એવા સંબંધનો કશો જ અર્થ નથી. એકતરફી કાળજી યા માવજત રાખવાથી કશું ફળતું નથી ને મળતું નથી. "વાલ્મિકી રામાયણ"ના રચયિતા મહર્ષિ વાલ્મિકીજીના જીવનમાં ટર્નિંગ પોઈન્ટ બનનાર જાણીતો પ્રસંગ યાદ આવે.

તેઓ જ્યારે સંસાર-સાગરમાં હિલોળા લેતા હતા ત્યારે તેમની ઓળખ "વાલિયો લૂંટારો" તરીકે હતી. જંગલમાંથી પસાર થતા વટેમાર્ગુઓને તે લૂંટી લે. એક દિવસ દેવલોકમાંથી ફરતા ફરતા નારદ મુનિ વાલિયા લૂંટારાની ટેરીટરીમાં આવી ચઢ્યા. મુનિરાજે કહ્યું કે તેમની પાસેથી લૂંટવા જેવું યા આપવા જેવું વીણા અને તંબુર-તારવાદ્ય સિવાય કશું જ નથી. હા, ધોતી અને લંગોટી છે.

મુનિરાજે શાંત ચિત્તે વાલિયાને સમજાવ્યો કે "તું આ બધી લૂંટફાટ અને પાપકર્મ શા માટે, કોના માટે કરે છે?" વાલિયાએ જવાબ આપ્યો કે "હું આ બધું મારા પરિવાર, મારી પત્ની અને સંતાનો માટે કરું છું." નારદ મુનિએ તેને કહ્યું કે "તું એક કામ કર. તારા ઘરે જઈને પુછી આવ કે તું જે આ પાપ કરે છે, તેમાં એ લોકો તારા ભાગીદાર બનવા તૈયાર છે?"

ગુલમહોર
દિનેશ દેસાઈ

વાલિયાએ કહ્યું કે "આ વાતનો તો મેં વિચાર કર્યો જ નથી. પરંતુ મને ખાતરી છે કે એ લોકો મારા સુખ-દુઃખમાં સરખે સરખા ભાગીદાર હોવા જ જોઈએ. છતા હું ઘરે જઈને પુછી આવું છું. તમે અહીં જ ઉભા રહેજો." વાલિયાએ જ્યારે ઘરે જઈને પુછ્યું ત્યારે તેને આઘાતજનક જવાબ મળ્યો કે "અમે તને ક્યાં કહ્યું છે કે તું લૂંટ ચલાવ? અને અમે તને ક્યાં કહ્યું છે કે તું પાપ કર? ઘર ચલાવવાની જવાબદારી તારી છે. આ માટે તું ગમે તે કરે, એમાં અમારે શું? તારા કર્મ તારે જ ભોગવવાના હોય ને."

આટલું સાંભળીને તો વાલિયો લૂંટારો હૃદયથી તૂટી ગયો. ભીતરથી હચમચી ગયો. તે વિચારવા લાગ્યો કે જે પત્ની અને સંતાનો, પરિવાર માટે હું જીવનું જોખમ વહોરીને પણ આ પાપ કરું છું તે લોકો તો સુખ ભોગવવા જ તૈયાર છે, પાપમાં ભાગીદાર બનવા નહીં. વાલિયો જંગલમાં નારદ મુનિ પાસે પાછો ફર્યો અને મુનિરાજના પગમાં પડી ગયો. તે ચોધાર આંસુએ રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે "મુનિરાજ, તમે મારી આંખો ખોલી નાખી છે. હવે હું સંસારનો ત્યાગ કરું છું અને તમે કહેશો એમ કરવા હું તૈયાર છું."

નારદ મુનિએ વાલિયાને એ વખતે "રામ" નામનો મંત્ર આપ્યો. સળંગ બાર-બાર વર્ષ સુધી તેમણે મંત્રજાપ કર્યો અને શરીરે ઊધઈના રાફડા થઈ ગયા ત્યાં સુધી તેમને દેહભાન પણ રહ્યું નહીં. ફરી એક વાર ત્યાંથી નારદ મુનિ પસાર થયા તો વૃક્ષ નીચે ઊધઈનો રાફડો છે અને ભીતરથી "મરા... મરા..." નાદબ્રહ્મ-સ્વર સંભળાઈ રહ્યો છે. મુનિવરે તપાસ કરતા ખબર પડી કે આ તો વાલિયો લૂંટારો. એ પછી તેઓ મહર્ષિ વાલ્મિકી તરીકે ઓળખાયા.

સંબંધમાં જ્યારે તમે સામી વ્યક્તિની ગમે તેટલી કાળજી રાખો અને માવજત કરો, તો પણ સામી વ્યક્તિનો તમારી સાથેનો વ્યવહાર "ટેકન ફોર ગ્રાન્ટેડ" જેવો જ હોય ત્યારે આ સ્થિતિમાં તમારે લોખંડ સાથે લોહચુંબકની જેમ જોડાઈ રહેવાનો કશો જ અર્થ નથી. વાલિયાનો ભ્રમ ભાંગીને ભૂક્કો થઈ ગયો અને તેણે જેમ પત્ની-સંતાનો-પરિવાર-સંસારનો ત્યાગ કર્યો એમ તમારે પણ સમજી લેવું જોઈએ કે હવે "લીવ ઈટ" કરવાનો સમય આવી ગયો છે.

જસ્ટ ટ્વીટ :

"ચેહરે બદલ જાયે તો કઈ તકલીફ નહીં
લહજે બદલ જાયે તો બહુત તકલીફ દેતે હૈ"

અજ્ઞાત

સાસુનું સર્ટિફીકેટ...!! આ બંને નણંદ-ભાભી પ્રસંગમાં હાજર એટલે મારે શાંતિ...!!

કેટલાંક સંબંધો શબ્દોમાં મંડાય છે, અને કેટલાંય સંબંધો શબ્દોની પેલેપારનાં હોય છે. સંબંધ જીવનનો અવિભાજ્ય અંગ બને છે. સંબંધો રાખીએ એટલે અનેક જટિલ પ્રશ્નો ચપટી વગાડતાં હલ થઈ જાય છે. અપેક્ષા, અહંકાર, તુલનાને લીધે સંબંધો ખરાબ થઈ શકે છે, અને એમ ન થાય માટે 'ભૂલી જાવ અને માફ કરો' તત્વને સ્વીકાર્યે જ છૂટકો. અને આ શ્રેષ્ઠ વિકલ્પ પણ ખરો.

સર્વસામાન્ય માણસોમાં રોજેરોજના અનુભવમાં 'સગા-વ્હાલાં' શબ્દો સંભળાય છે, અને એ દરેક વ્યક્તિએ એની ઘનિષ્ઠતા અલગ હોઈ શકે. છોકરીઓના તો લગ્ન થાય એટલે 'એક સાથે અનેક ફ્રી' ની જેમ અનેક સંબંધો મળી જાય છે. સાસુ-સસરામાં મમ્મી-પપ્પા શોધવા પડે છે. ભાઈ-બહેનનાં સંબંધને હવે દીયર-નણંદમાં શોધવો પડે છે. લોહીના સંબંધ શોધવામાં કોઈ ચોઈસ હોતી નથી એ 'જયાં છે - જેવાં છે.' સ્વીકારવાં જ પડે.

પતિ-પત્નીનો સંબંધ એ લોહીની સગાઈ નથી, એ મનની સગાઈ છે. પણ હા, એમના કારણે લોહીના સંબંધો નિર્માણ પામે છે અને એટલે જ સમાજ વ્યવસ્થા અને સંતતિનું મહત્ત્વ વિશેષ છે. પતિ-પત્નીના સંબંધ મજબૂત એટલી જ આવનારી લોહીની સગાઈની સમૃદ્ધિ મજબૂત.

પરંપરાગત પૂર્વગ્રહ અને એકતા કપૂરની મહેરબાનીથી 'કહાની ઘર ઘર કી' સાથે અન્ય ટીવી સિરિયલોએ બધાંને બતાવતી ફરે છે કે સાસુ-વહુ, નણંદ-ભાભીનું કામ એટલે સંસારમાં પ્રોબ્લેમ ઉભાં કરવાનું, એ સંપીને રહી જ ન શકે. દેરાણી-જેઠાણી એટલે પ્રોપર્ટીનું પાર્ટીશન અને નણંદ એટલે સાસુ-વહુ વચ્ચે સતત સળગતી આગ રાખતી ચિનગારી...

વહુને કામ માટે મ્હેણાં કે પિયરથી દહેજ માટે દબાણ, સાસુના વસ્તુની ચોરી, દેરાણી જેઠની ફાઈલ ગુમ કરે છે જેઠાની દીયરના કાન ભંભેરે... આવું બધું સતત દિવાનખંડમાં ટેલિકાસ્ટ થતાં કોઈના મનમાં ન આવતાં હોય એવાંય વિચાર અને કાવત્રા આવતા થઈ જાય. તકલીફો તો બધાંમાં હોય છે, કોઈના ઘરની દીકરી કોઈકની વહુ બને તો ખરાબ કેવી રીતે થઈ શકે?

સંબંધતો જેમ સમય જાય એમ મજબૂત થતાં જાય, અથાણાંની જેમ એક રસ થતાં જાય, સ્વાદિષ્ટ થતાં જાય. નણંદ-ભાભીનો આવો જ સંબંધ અને એક કિસ્સો આ રક્ષાબંધને જોવા મળ્યો, ત્યારે લાગ્યું કે આ ટીવી સિરીયલને આવાં મજાના સંબંધ બતાવી કોઈકનું ઘર જોડવામાં કેમ મદદરુપ નહીં થતાં હોય? પણ પછી મન મનાવ્યું એમને તો ટીઆરપી વધવાં જોઈએ, સાસુ-વહુ, નણંદ-ભાભી સંપીને રહે, જલસા કરે તો એવું બધું જુએ કોણ?

સ્મિતા અને કલ્પના બંને નણંદ-ભાભી, પણ પ્રભુની કૃપા જુએ કે બંનેના એક જ દિવસે, એક જ મંડપમાં લગ્ન થયાં. 'સબ રસમોં સે બડી હૈ જગમેં દિલસે દિલ કી સગાઈ, વાહ વાહ રામજી' જેવાં ગીતો ગાતાં આમને એકસાથે ઘરમાં રહેવા મળ્યું જ નહીં. ન તો સ્મિતા, કલ્પનાને નણંદનો માન આપી શકી કે કલ્પના, સ્મિતાને ભાભી-ભાભી કરીને એનો અધિકાર જતાવી શકી.

વિરહની વ્યથા એ તો શણગાર મારો,
ન હાથોમાં મહેંદી, નયન માંહે લાલી,
આ મનનું તો એવું કે ભાગ્યા કરે પણ,
દિવસ રાત વાતો તો તારી જ ચાલી!
- નેહા પુરોહિત

બંને પહેલીવાર મળ્યાં ત્યારે સીધાં નવવધુના પહેરવેશમાં જ. બંને એકદમ સોળે સજીને તૈયાર થયેલાં. બંને દેખાવડી તો હતી જ અને એમાં પીઠી ચોળ્યાનું તેજ ચઢ્યું. જરી ભરેલા લાલ ચટ્ટાક સાળુના પલ્લુ પર થનગનતો મોર, કપાળ પર ઉમંગનો ચંદ્ર, સંબંધોને સજાવવાની રંગોળી સમાન મહેંદી, લીલો ચુડસો, મોગરાનો ગજરો, મધમધ થતાં અત્તરની સુગંધ... બંનેના મનમાં એક અનોખો ઉમંગ અને મીઠી મુંજવણ, અને આંખોમાં નવા સંસારનું સ્વપ્ન.

મહેંદી ભરેલું એક પગલું ઉંબરો ઓળંગીને ઘરની અંદર આવ્યું તો બીજું મહેંદી ભરેલું પગલું એ જ ઉંબરો છોડીને ગયું, અને હવે મહેમાન બની ગયું. જે ઉંબરાની અંદર શૈશવને બાળપણ અને બાળપણને યુવાનીની પાંખો ફુટે છે. જે ઘરમાં દીકરીને સતત હથેળી પર રાખીને લાડ લડાવવામાં આવે છે, એના સુખનું એકાઉન્ટ દિવસેને દિવસે ક્રેડિટ થતું રહે છે. એ ઘર અને એ ઘરના સુખનો ઉંબરો ઓળંગીને પોતાના પારકાં અને પારકાંને પોતાના બનાવવા જવાનો શાપ પરમેશ્વરે સ્ત્રીઓને આપ્યો છે.

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

સ્મિતા અને કલ્પનાના લગ્નને વીસ વર્ષના વહાણાં વહી ગયાં છે. એમના સંબંધના તંતુ વધુ મજબૂત બન્યા છે. સ્મિતાની નણંદ કલ્પના પરણીને મુંબઈ ગઈ, એ કલ્પનાને 'મોટા બહેન' કહીને જ બોલાવે. લગ્ન પહેલાં કોઈ ખાસ માયા-લગાવ ન હોવા છતાં જેમ જેમ બંને વાર-તહેવારે મળવાં લાગ્યાં એમ નણંદ-ભાભી બહેનો બની રહી. બંને વચ્ચે સંબંધ બતાવવાનો કોઈ ભપકો કે દેખાડો નહીં. નાના-મોટાં પ્રસંગે મોટા બહેન મુંબ